# માઈક્રોટીચીંગ
# (સૂક્ષ્મ અધ્યાપન)

- રોટલી બનાવવી
  - લોટ બાંધવો
  - રોટલી વણવી
  - રોટલી શેકવી
- તરવું
  - શ્વાસ લેવો–રોકવો
  - પગનું હલનચલન
  - હાથ અને પગના એકી સાથે ઉપયોગ ધ્વારા તરવું

- વાહન ચલાવવું
  - સમતોલન
  - કલચ, ગીયર અને એકસીલેટરનો સમન્વય
  - સમયસર બ્રેક લગાવવી

આમ જુદાં જુદાં કાર્યોને સારી રીતે કરવા માટે તેને સંબંધિત કૌશલ્યો કેળવવા પડે છે.

# શિક્ષણના કાર્ય માટે જરૂરી કૌશલ્યો

- વિષયાભિમુખ કૌશલ્ય ( SET INDUCTION )
- પ્રશ્નપ્રવાહીતા કૌશલ્ય ( SKILL OF FLUENCY IN QUESTIONING )
- સ્પષ્ટીકરણ કૌશલ્ય ( SKILL OF EXPLAINING )
- કા. પા. કાર્ય કૌશલ્ય ( SKILL OF USING BLACK BOARD )
- ઉત્તેજના પરીવર્તન કૌશલ્ય ( STIMULUS - VARIATION )

વગેરે...

આવા કુલ ૨૨ જેટલા કૌશલ્યો તારવી શકાયા છે.

વિવિધ કૌશલ્યોને વિકસાવવા માટે ઉપયોગમાં લેવાતી પ્રવિધિ એટલે

# માઈક્રોટીચીંગ

(સૂક્ષ્મ અધ્યાપન)

# હેતુઓ


આ સેશન પૂર્ણ થયા બાદ,

- આપ માઈક્રોટીચીંગના ઈતિહાસ વિશે જણાવી શકશો.
- આપ માઈક્રોટીચીંગની વ્યાખ્યા કહી શકશો.
- આપ માઈક્રોટીચીંગ વિશે સમજાવી શકશો.
- આપ માઈક્રોટીચીંગનું મહત્વ જણાવી શકશો.
- આપ માઈક્રોટીચીંગની મર્યાદાઓ જણાવી શકશો.

# માઈક્રોટીચીંગ – ઈતિહાસ



કેલીફોર્નીયાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી




ડો. ડવાઈટ ડબલ્યુ. એલન

- સન ૧૯૬૩ માં માઈક્રોટીચીંગ શબ્દનો સૌ પ્રથમ વાર પ્રયોગ.
- ત્યારબાદ આ પ્રવિધિ વિકસતી ગઈ.

# માઈક્રોટીચીંગ–ઈતિહાસ (ભારતમાં)

- ભારતમાં સૌ પ્રથમ પ્રા. ડી. ડી. તિવારીએ ૧૯૬૭ માં ગવર્મેન્ટ સેન્ટ્રલ પેડાગોજીકલ ઈન્સ્ટીટયુટ, અલ્હાબાદ ખાતે માઈક્રોટીચીંગ પર કાર્ય કર્યું.

ડૉ. બી કે પાસી



- **ડો. બી. કે. પાસી**એ જુદા જુદા પ્રયોગો ધ્વારા માઈક્રોટીચીંગ પર ઘણું કાર્ય કર્યુ છે.
- આથી તેમને ભારતમાં **'માઈક્રોટીચીંગના પિતા'** (Father of MICROTEACHING) તરીકે ઓળખવામાં આવે છે.

- પ્રાયોગિક ધોરણે પ્રવિધિનો અમલ
  - સેન્ટર ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન (CASE), એમ. એસ. યુનિવર્સીટી, બરોડા ખાતે ૧ વર્ષ માટે.
  - પ્રશિક્ષણ કોલેજ, અબોહર, પંજાબ ખાતે ૨ વર્ષ માટે.
- સફળ પ્રયોગ બાદ ૧૯૭૯થી પ્રશિક્ષણ મહાવિદ્યાલયોમાં પ્રાયોગિક કાર્ય તરીકે માઈક્રોટીચીંગના પાઠોનો સમાવેશ.

# માઈક્રોટીચીંગ – વ્યાખ્યાઓ

- "Microteaching is a scaled down teaching encounter in a class size and class time."

- "વર્ગના કદ અને સમયની દૃષ્ટિએ માઈક્રોટીચીંગએ માપી શકાય એવી અધ્યાપન પ્રક્રિયા છે."

– ડો. ડવાઈટ ડબલ્યુ. એલન

- "માઈક્રોટીચીંગ નિયંત્રિત પરીસ્થિતિમાં વિશિષ્ટ શિક્ષણ વ્યવહાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એ એક અધ્યાપન કૌશલ્યમાં પ્રાવીણ્ય મેળવી બીજા કૌશલ્યમાં આગળ વધવા શિક્ષણ વ્યવહાર કરાવે છે.

  માઈક્રોટીચીંગમાં શિક્ષણની પ્રક્રિયાઓ, સમય, પાઠની લંબાઈ અને વર્ગનું કદ નાના માપમાં હોય છે."

– એલન અને ઈવ (૧૯૬૮)

- "કેટલાક અધ્યાપન કૌશલ્યો જેવાંકે પ્રશ્ન કૌશલ્ય, સુદૃઢીકરણ કૌશલ્ય, અશાબ્દિક સંજ્ઞાઓ અને ઉદાહરણ કૌશલ્ય વિકસાવવા માઈક્રોટીચીંગ એક અસરકારક પ્રવિધિ છે."

  – પાસી અને શાહ

# માઈક્રોટીચીંગના લક્ષણો (વ્યાખ્યાઓ પરથી)

- વિદ્યાર્થીઓની સંખ્યા :– માઈક્રો ક્લાસ, ૫ થી ૭ વિદ્યાર્થીઓ કે સાથી તાલીમાર્થી મિત્રો
- સમયમર્યાદા :– માઈક્રો ટાઈમ, પાઠ માટે ૫ થી ૭ મિનિટનો સમયગાળો
- પાઠયવસ્તુ :– માઈક્રો કન્ટેન્ટ, વિષયાંગ કે એકમ પણ નાનો અને કૌશલ્યને અનુરૂપ
- અધ્યાપન કૌશલ્ય :– એકજ કૌશલ્ય પસંદ કરી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું

# માઈક્રોટીચીંગ – મહત્વ

- વર્ગ અધ્યાપન માટે સહી સલામત વ્યવહાર
- વર્ગ વ્યવહાર સુધારવા માટેનું કેન્દ્રિત સાધન
- વર્ગખંડ કૌશલ્યોનો વિકાસ
- નિરીક્ષણ માટેનો હકારાત્મક અભિગમ
- પ્રતિપોષણ ખૂબજ સ્પષ્ટ અને દિશાસૂચક
- સતત તાલીમ માટેની મહત્વની પ્રવિધિ
- તાલીમાર્થીઓનો સભા ક્ષોભ દૂર થાય
- શાળાઓ પરના બોજમાં ઘટાડો

# માઈક્રોટીચીંગ – મર્યાદા

- વહીવટી મર્યાદાઓ
- સુવિધાઓની મર્યાદાઓ
- સાધન સામગ્રીની મર્યાદા
- નિરીક્ષકોની સઘન તાલીમનો અભાવ
- શૈક્ષણિક મર્યાદાઓ